# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 9-11-2024** **Morning : 7.10 to 7.20 am**
**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

........................................................................................................................

- ‘જનજાતિય ગૌરવ દિવસ’ નિમિત્તે અમદાવાદ ખાતે આજથી ડાંગની અમૂલ્ય જડીબુટ્ટીઓ દ્વારા ૧૦ જેટલા રોગ નિવારણ માટે અંદાજે ૧૩૩ જેટલા પ્રખ્યાત આદિવાસી વૈદુભગતો આપશે સારવાર.
- પોરબંદર જિલ્લામાં જુલાઈ માસમાં થયેલા વરસાદને કારણે નુકસાન પેટે ખેડૂતોને પાક સહાય માટે વધુ 8 કરોડની ગ્રાન્ટ ફાળવાઈ.
- બનાસકાંઠાના વાવની પેટાચૂંટણીમાં ભાજપ કોંગ્રેસ અને અપક્ષ ઉમેદવારોનો આક્રમક ચૂંટણી પ્રચાર. - તમામ પાર્ટીઓએ વિજયનો વિશ્વાસ વ્યક્ત કર્યો
- રાજ્યમાં દેવદિવાળી સુધી ગરમીનો માહોલ યથાવત રહે તેવી હવામાન વિભાગની આગાહી.
- નવાબી શાસનમાંથી મુક્ત થયેલુ જૂનાગઢ આજે ઉજવણી રહ્યું છે તેનો 77મો આઝાદી દિવસ.

---------------------------------------------------------------

## JAN JATIY GAURAV DIWAS

અમદાવાદ ખાતે આજથી ડાંગની અમૂલ્ય જડીબુટ્ટીઓ દ્વારા ૧૦ જેટલા રોગ નિવારણ માટે અંદાજે ૧૩૩ જેટલા પ્રખ્યાત આદિવાસી વૈદુભગતો સારવાર આપશે.

'જનજાતિય ગૌરવ દિવસ' નિમિત્તે અમદાવાદ હાટ- વસ્ત્રાપુર ખાતે આજથી ૧૪ નવેમ્બર દરમિયાન 'પરંપરાગત આદિવાસી વનૌષધિય પ્રદર્શન – વેચાણ' મેળો યોજાશે.

આ મેળામાં અંદાજે ૧૦૦ જેટલા સ્ટોલ શરૂ કરાશે. આદિવાસીઓના મહાનાયક, ક્રાંતિકારી લડવૈયા એવા બિરસા મુંડાની 15મી નવેમ્બરના રોજ ૧૫૦મી જન્મજયંતી ઉજવવામાં આવનાર છે. જેના ભાગરૂપે પરંપરાગત આદિવાસી ઔષધિય ચિકિત્સા પદ્ધતિ'ને પ્રોત્સાહિત કરવા આ મેળાનું આયોજન કરાયું છે..

આ મેળામાં વલસાડ, ડાંગ, નવસારી, અરવલ્લી, સાબરકાંઠા અને દાહોદ જિલ્લાના અંદાજે ૧૩૩ જેટલા પ્રખ્યાત આદિવાસી વૈદુભગતો દ્વારા આધુનિક અને હઠીલા રોગોનું પરંપરાગત ઔષધિય જ્ઞાનથી ઉપચાર, મસાજ અને સ્ટીમ બાથ ઉપચાર, ડાંગના જંગલોની અમૂલ્ય જડીબુટ્ટીઓ દ્વારા રોગ નિવારણ કરવામાં આવશે. આ આદિવાસી વૈદુભગતો દ્વારા વિવિધ રોગ જેમ કે સાંધાના રોગ, ચામડી, પાચનતંત્ર, લકવા - પેરાલીસીસ, માથાનો દુઃખાવો, અનિંદ્રા, સ્થુળતા, એસીડિટી, પથરી, પ્રોસ્ટેટ જેવા રોગોનો ઉપચાર અને સારવાર પણ આ મેળામાં કરાશે. ગૌણ વન પેદાશો, ઓર્ગેનિક ખાદ્યચીજો, નાગલી બનાવટો, શુદ્ધ મધ, જડીબુટ્ટીઓ -ઔષધિઓનું આ મેળામાં વેચાણ કરાશે

---

# PORBANDAR GRANT

પોરબંદર જિલ્લામાં જુલાઈ માસમાં થયેલા ખેડૂતોને પાક સહાય માટે વધુ ૪ કરોડની ગ્રાન્ટ ફાળવાઈ છે. પોરબંદર જીલ્લામાં જુલાઈ માસમાં થયેલા ભારે વરસાદને લઈને પોરબંદર જિલ્લામાં ખેડૂતોએ વાવેતર કરેલ પાકને પણ નુકશાન થયું હતું.

જે અંગેનો પ્રાથમિક સર્વેમાં પોરબંદર જિલ્લા પાક નુકશાની અંગેની 50 હજાર 280 અરજીઓ આવી હતી.

આ અરજીની ચકાસણી બાદ સહાય ચુકવણી શરૂ કરાઇ હતી.જેમાં જિલ્લાના ખેડૂતોને 35 કરોડ 27 લાખની ચુકવણી કરાઈ છે પરંતુ ગ્રાન્ટના અભાવે ખેડૂતોને 44 કરોડ 49 લાખનું ચુકવણું બાકી હતું. જેમાંથી 8 કરોડની ગ્રાન્ટ ફળવાઈ છે.

---------------------------------

# VAV BY ELECTION CAMPAGIN

બનાસકાંઠાની વાવ વિધાનસભાની પેટા ચૂંટણીનો તમામ પાર્ટીઓ દ્વારા ચૂંટણી પ્રચાર વેગવંતો બન્યો છે. ભાજપ કોંગ્રેસ સહિત અપક્ષ ઉમેદવારો ગામડે ગામડે સભાઓ કરી મતદારો પાસે મત માગી રહ્યા છે.

કોંગ્રેસ ઉમેદવાર ગુલાબસિંહ રાજપૂત, બનાસકાંઠા સાંસદ ગેનીબેન ઠાકોર સહિતના કોંગ્રેસના નેતાઓ એ ગઇકાલે મોડી સાંજે 10 ગામોમાં સભા સંબોધી હતી. જેમાં સનેસડા, મેરા, ખારીપાલડી, અસાણા, કુવાળા, ભોડલિયા, મીઠા, ખડોષણ, ખારા, સહિતના ગામોમાં ચૂંટણી પ્રચાર કર્યો હતો, તેમની સાથે તુષાર ચૌધરી સહિતના નેતાઓ પ્રચારમાં જોડાયા હતા. બનાસકાંઠાના સાંસદ ગેનીબેન ઠાકોરે કોંગ્રેસની જીતનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

(ઓડિયો - ગેનીબેન ઠાકોર)

બીજીતરફ ભાજપે પણ વાવની બેઠક જીતવા કમર કસી છે. વાવ વિધાનસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી ના ઉમેદવાર સ્વરૂપજી ઠાકોર માટે મહિલા મોરચાની ટીમ પ્રચાર કરી રહી છે. વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ ડૉ. નીમાબેન આચાર્યની અધ્યક્ષતામાં ભાભર શહેર અને ગામડાઓમાં મહિલા મોરચાએ ડોર ટુ ડોર પ્રચાર કર્યો હતો. તેમની સાથે બનાસકાંઠા મહિલા મોરચા ટીમ સહિત કચ્છની મહિલા મોરચાની ટીમ અને આગેવાનો જોડાયા હતા. ડોક્ટર નિમાબેન આચાર્યએ પણ ભાજપની જીતનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

(ઓડિયો – ડૉ. નીમુબેન આચાર્ય)

વાવની બેઠક પર ત્રિપાંખિયો જંગ છે ત્યારે અપક્ષ ઉમેરદવાર માવજી પટેલ દ્વારા પણ ગામડે ગામડે ચૂંટણી પ્રચાર કરવામાં આવી રહ્યો છે. વાવની પેટાચૂંટણી 13મી નવેમ્બરના રોજ યોજાશે.

--------------------------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા X હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

.............................................................

# ST Service

ગુજરાત રાજય પરવિહન નિગમ- એસ.ટી. તંત્ર દ્વારા રાજયના ૧૮ હજાર ૩૬૭ ગામડાઓ એટલે કે ૯૯.૩૪ ટકા ગામડાઓમાં મુસાફરોને સેવાઓ પૂરી પાડવામાં આવી રહી છે.

એસ.ટી.નિગમની કુલ ૮ હજાર ૩૨૦ બસ દરરોજ ૪૨ હજારથી વધુ રૂટ ઉપર ૩૪ લાખ કિલોમીટરથી વધુ અંતરે મુસાફરોને પ્રવાસની સુવિધા પૂરી પાડે છે. ગુજરાત ઉપરાંત મધ્યપ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્ર અને દીવ દમણ સહિતના કેન્દ્ર શાસિત પ્રદેશોમાં એસ.ટી.ની બસ સેવાઓ વિસ્તરેલી છે.

ગુજરાતની એસટી પરિવહન સેવાનું સૌથી ઉત્કૃષ્ટ પાસુ તેનું ઈ-ગવર્નન્સ છે. ઓનલાઇન પેસેન્જર રિઝર્વેશન, ઇલેક્ટ્રોનિક પાસ, સીસીટીવી બેઝ્ડ વિજિલન્સ, GPS બેઝ્ડ વ્હીકલ ટ્રેકિંગ જેવી બહુ આયામી સુવિધાઓ સરકારે નાગરિકોને પૂરી પાડી છે. એસ.ટી.ની ઓનલાઇન ટિકિટ બુકિંગ સુવિધાના માધ્યમથી રોજ સરેરાશ ૬૮ હજારથી વધુ ટિકિટ ઓનલાઇન બુક થાય છે, જે ભારતના અન્ય રાજ્યોની સરખામણીએ સૌથી વધુ છે.

રાજ્ય સરકાર દ્વારા એસ.ટી. સેવાઓના માધ્યમથી ગ્રામીણ વિદ્યાર્થીનીઓ, પારિતોષિક વિજેતા શિક્ષકો, દિવ્યાંગજનો, કેન્સર પીડીતો, સ્વાતંત્ર્ય સેનાની અને તેમની વિધવા વિગેરેને પ્રવાસ શુલ્કમાં ૧૦૦ ટકા રાહત આપવામાં આવે છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓને એસ.ટી.ના ભાડામાં ૮૨.૫૦% રાહત- ડિસ્કાઉન્ટ આપવામાં આવે છે. પર્યાવરણના રક્ષણને ધ્યાનમાં રાખીને એસ.ટી. નિગમે ૫૦ ઇલેક્ટ્રીક બસિસ એસટી નિગમની ફ્લિટમાં સામેલ કરી છે, આગામી સમયમાં વધુ ૨૫૦ ઈલેક્ટ્રીક બસિસ સામેલ કરવાનું આયોજન છે.

----------------------------------

# Gandhi Ashram Declaration

અમદાવાદના સાબરમતી આશ્રમનું નવીનીકરણ ચાલી રહ્યું છે, જે વર્ષ 2026માં પૂર્ણ થાય તેવો અંદાજ છે, ત્યારે અમદાવાદ પોલીસ કમિશનરે જાહેરનામું બહાર પાડીને ગાંધી આશ્રમ રોડ આજથી કાયમી માટે બંધ કરવામાં આવશે, તેને લઈને આ સાથે અન્ય વૈકલ્પિક માર્ગની વ્યવસ્થા કરવામાં આવી છે.

શહેરના મહાત્મા ગાંધી સાબરમતી આશ્રમને રીસ્ટોર અને રી-ડેવલપમેન્ટની કામગીરી ચાલી રહી છે, ત્યારે આ પ્રોજેક્ટના આયોજનના ભાગરૂપે હાલ સુભાષબ્રિજ

સર્કલથી વાડજ સ્મશાન તરફ જતા મહાત્મા ગાંધી સાબરમતી આશ્રમ રોડ પૈકી બત્રીસી ભવનથી કાર્ગો મોટર્સ ત્રણ રસ્તા સુધીનો અંદાજિત 800 મીટરના માર્ગમાં કાયમી ધોરણે વાહન વ્યવહારની અવરજવર નવમી નવેમ્બરથી બંધ કરવામાં આવશે.

-----------------------------------

# ANKLESHWAR SWACHHATA ABHIYAN

સ્વચ્છતા સર્વેક્ષણ 2024 અંતર્ગત અંકલેશ્વર નગરપાલિકા દ્વારા નગરમાં સ્વચ્છતા જળવાઈ રહે તે માટે એક નવી પહેલ કરી છે. અંકલેશ્વર નગરપાલિકા દ્વારા નવા વર્ષના પ્રારંભથી સ્વૈચ્છીક સ્વચ્છતા શ્રમદાનનું આયોજન કરાયું હતું.

આ સ્વચ્છતા શ્રમદાન માં નગરપાલિકાના 70 જેટલા કમર્ચારીઓની ત્રણ ટીમ બનાવી સ્વચ્છતા અભિયાન હાથ ધરાયુ હોવાની માહિતી અંકલેશ્વર નગરપાલિકાના ચીફ ઓફિસર કેશવ કોલડીયાએ જણાવ્યું હતું.

(ઓડિયો : કેશવ કોલડીયા, ચીફ ઓફિસર, ન.પા અંકલેશ્વર)

---------------------------------

# Weather Local

ગુજરાતમાં દિવસ અને દિવસે શિયાળાની શરૂઆત થવાને બદલે ચોમાસા બાદ ઉનાળો વરતાઇ રહ્યો છે ત્યારે હવામાન વિભાગની આગાહી અનુસાર હજુ પણ આગામી એક સપ્તાહ દરમિયાન તાપમાનના ઘટાડાથી ઠંડકનો અહેસાસ થાય તેવી શક્યતાઓ નહિવત પ્રમાણમાં છે.

એટલે કે ગુજરાતવાસીઓને દેવ દિવાળી સુધી હજુ પણ ગરમી સહન કરવી પડશે ત્યારબાદ તાપમાનમાં ઘટાડો થવાની શક્યતાઓ છે પરંતુ હાલ તો આગામી 7 દિવસ દરમિયાન ગુજરાતમાં ગુલાબી ઠંડીની શરૂઆત થવાની શક્યતાઓ નથી.

ગઈકાલે દિવસ દરમિમયાન ગુજરાત રાજ્યના ઉત્તર ભાગમાં આવેલા ડીસાના રહેવાસીઓએ કારતક મહિનામાં વૈશાખ જેટલી ગરમીનો અનુભવ કર્યો છે. કારણ કે ગુજરાત રાજ્યમાં સૌથી મહત્તમ તાપમાન 38.6 ડિગ્રી સેલ્સિયસ સાથે ડીસા પ્રથમ ક્રમાંક ઉપર હતું જ્યારે લઘુતમ તાપમાનમાં 24 કલાક દરમિયાન અમરેલી અને ગાંધીનગરમાં 19.6 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.

આ ઉપરાંત અમદાવાદ શહેરના લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં આંશિક ઘટાડો નોંધાયો છે પરંતુ હજુ પણ અમદાવાદના શહેરીજનોને દિવસે અને રાત્રે ગરમીનો અનુભવ થશે. અમદાવાદ શહેરમાં સામાન્ય કરતાં 3 ડિગ્રી સેલ્સિયસ વધુ મહત્તમ તાપમાન રહીને 36.6 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જ્યારે લઘુત્તમ તાપમાન પણ સામાન્ય કરતા 3.3 ડિગ્રી સેલ્સિયસ વધુ રહીને 21.4 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.

---------------------------------

# JUNAGADH AZAD DIN

જુનાગઢ આજે તેનો 77મો આઝાદ દિન ઉજવી રહ્યું છે. આઝાદ ભારતના ઇતિહાસમાં આરઝી હકુમતની લડાઈ તરીકે અંકિત થયેલી આ ઘટનામાં 15મી ઓગસ્ટ 1947ના રોજ ભારત આઝાદ થયા બાદ 83 દિવસની લડત બાદ નવમી નવેમ્બર 1947એ જુનાગઢ નવાબના શાસનમાંથી મુક્ત થયું હતું અને નવાબ જુનાગઢ છોડીને પાકિસ્તાન ચાલ્યા ગયા હતા.

સરદાર વલ્લભભાઈ પટેલની કુનેહભરી રાજનીતિ અને આરઝી હુકુમત સેનાની લડાઈને કારણે જૂનાગઢને નવમી નવેમ્બર 1947ના રોજ આઝાદી મળી હતી. આજે જૂનાગઢનો 77મો આઝાદ દિન છે, ઐતિહાસિક ઉપરકોટના કિલ્લામાં ધ્વજવંદન, બાઉદીન કોલેજના મેદાનમાં આરસી હુકુમત સ્મારકનું પૂજન અને આતશબાજી સહિતના અનેક કાર્યક્રમો સાથે જુનાગઢ વાસીઓ પોતાના મુક્તિ દિનની ઉજવણી કરી રહ્યા છે.

---------------------------------